# જિલ્લા કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટની કચેરી,વડોદરા

એકસ્ટ્રા ચીટનીશ બ્રાન્ચ, રૂમ નંબર-૯, કોઠી બિલ્ડીંગ, રાવપુરા,

વડોદરા-૩૯૦૦૦૧

તાત્કાલિક

નંબર/ઇસી/એમ.એ.જી/વશી/ ૩૪૪/ ૨૦૧૮ તા.૭/૭/૨૦૧૮

વંચાણમાં લીધુ::-

૧. નામદાર સરકારશ્રીના ગૃહ વિભાગના ઠરાવ નંબર/એમ.આઇ.એસ/૬૫/૨૦૧૮/એફ-૨ (પાર્ટ ફાઇલ), તા.૬/૭/૨૦૧૮.

હુકમ::-

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની એડમીશન કમિટિ ફોર પ્રોફેશનલ અંડર ગ્રેજ્યુએટ / પોસ્ટ ગ્રેજ્યુએટ મેડીકલ એજ્યુકેશનના કોર્સીસના ચેરમેનની રજુઆત મુજબ પ્રવેશ સમિતિ દવારા મેડીકલ, ડેન્ટલ, આયુર્વેદિક, હોમીયોપથિક અને નેચરોથેરાપી પ્રવેશ માટે ૨૦૧૮ થી આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ ગાંધીનગરના તા.૪/૫/૨૦૧૮ના સુધારા પ્રવેશ નિયમો અન્વયે જે વિધાર્થી ગુજરાત રાજયનો ડોમીસાઇલ હોય તેને જ પ્રવેશ આપવામાં આવે છે. આ નિયમોને નામદાર ગુજરાત હાઇકોર્ટમાં પડકારવામાં આવતાં નામદાર ગુજરાત હાઇકોર્ટ દવારા આરોગ્ય વિભાગનો " ડોમીસાઇલ વિધાર્થી" નો નિયમ યોગ્ય ઠરાવેલ છે.

પ્રવેશ સમિતિ દ્વારા તમામ વિધાર્થીઓ કે જેઓએ ડોમીસાઇલ સર્ટીફીકેટ સાથે અરજી કરેલ છે. તેનો સમાવેશ મેરીટ લીસ્ટમાં પ્રવેશ આપવા કરેલ છે. પ્રવેશ સમિતિ ખાતે ગુજરાત ડોમીસાઇલ પેરેન્ટસ એસોસીએશન, વડોદરા અને અન્ય દ્વારા કરી ઘણા વિધાર્થીઓ /વાલીઓ દ્વારા ડોમીસાઇલ સર્ટી ફીકેટ ખોટી રીતે (અયોગ્ય) રીતે ) મેળવેલ હોઇ તપાસ કરવા રજુઆત કરતાં તા.૪/૭/૨૦૧૮ના પત્ર મુજબ જે ડોમીસાઇલ સર્ટીફીકેટ અપાયેલ છે. તે ડોમીસાઇલ સર્ટીફીકેટના વેરીકેશનની કામગીરી તા.૨૦/૭/૨૦૧૮ સુધીમાં પુરી કરવા જરૂરી હુકમો કરવા જણાવેલ છે

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના ચાલુ વર્ષના (૨૦૧૮) માં મેડીકલ ડેન્ટલ, આયુર્વેદિક, હોમીયોપથિક અને નેચરોથેરાપી પ્રવેશ આપવા સંદર્ભે પ્રવેશ સમિતિ ખાતે અરજી કરેલ વિધાર્થીઓના ડોમીસાઇલ સર્ટીફીકેટની ચકાસણી કરવા સમિતિની રચના કરવા જણાવેલ છે. જે મુજબ અત્રેના જિલ્લામાં આ કામગીરી માટે નીચે મુજબની સમિતિની રચના કરવામાં આવે છે. સમિતિએ નીચે મુજબની કાર્યવાહી કરવાની રહેશે.

Scanned by CamScanner

| અ.નં | અધિકારીશ્રીઓ હોદો | હોદો |
|---|---|---|
| ૧ | પ્રાન્ત અધિકારીશ્રી, વડોદરા શહેર | અધ્યક્ષશ્રી |
| ૨ | એ.સી.પી.યુ.જી.એમ.ઇ.સી કોર કમિટિ દવારા નિયુકત પ્રવેશ સમિતિના અધિકારી/કર્મચારી | સભ્યશ્રી |
| ૩ | જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, વડોદરા | સભ્યશ્રી |
| ૪ | મામલતદારશ્રી, નાની બચત, વડોદરા | સભ્યશ્રી |

સમિતીએ કરવાની થતી કાર્યવાહી::-

૧. સબંધિત ઉમેદવારોએ તેમના વિસ્તારનના સબંધિત પ્રાન્ત અધિકારીશ્રી સમક્ષ અને પોલીસ કમિશ્નરશ્રી સમક્ષ ડોમીસાઇલ પ્રમાણપત્ર અને તેને આનુસંગિક જરૂરી દસ્તાવેજો,પ્રમાણપત્રો ઉપરાંત ધોરણ-૧૨ની માર્કશીટ,ધોરણ-૧૦ની માર્કશીટ,સ્કુલ લીવીંગ સર્ટીફીકેટ,જાતિ પ્રમાણપત્ર, ક્રિમીલેયર પ્રમાણપત્ર ( જો લાગુ પડતા હોય તો) ફી ભર્યાની રસીદ વિગેરે પ્રમાણપત્રો/ દસ્તાવેજો,ડોમીસાઇલ સર્ટીફીકેટ વેરીફીકેશન માટે રજુ કરવાના રહેશે.

૨. આ સમિતિએ મેડીકલ,ડેન્ટલ,આયુર્વેદિક,હોમીયોપથિક અને નેચરોથેરાપી પ્રવેશ માટેના ઉમેદવારો દવારા રજુ થયેલ ડોમીસાઇલ સર્ટીફીકેટ સબંધિત દસ્તાવેજો,પ્રમાણપત્રો જોઇને ડોમીસાઇલ સર્ટીફીકેટ ઉપર " વેરીફાઇડ અથવા રીજેકટ" ના સિકકા લગાવી સહી કરી તેની યાદી આરોગ્ય પરિવાર કલ્યાણ વિભાગની એડમીશન કમિટિને મોકલી આપવાની રહેશે.

૩. આ કામગીરી સુપ્રિમ કોર્ટની ગાઇડ લાઇન મુજબ નિયમ સમયમાં કરવાની હોવાથી તા.૨૦/૭/૨૦૧૮ સુધીમાં પુરી કરવાની રહેશે.

૪ એ.સી.પી.યુ.જી.એમ.ઇ.સી કોર કમિટિ દવારા નિયુકત પ્રવેશ સમિતિના અધિકારી/કર્મચારીની નિમણૂંક કરી અત્રે તથા સબંધિત પ્રાન્ત અધિકારીશ્રીને જાણ કરવાની રહેશે.

૭/૭/૧૮

કલેકટર, વડોદરા

નકલ સવિનય રવાના::-

૧. ઉપ સચિવશ્રી ગૃહ વિભાગના ઠરાવ નંબર/એમ.આઇ.એસ/૩૫/૨૦૧૮/એફ-૨(પાર્ટ ફાઇલ) તા.૬/૭/૨૦૧૮ના ઠરાવ અન્વયે જાણ સારૂ

Scanned by CamScanner

૨. અધિક મુખ્ય સચિવશ્રી,આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ,નવા સચિવાલય,ગાંધીનગર તરફ જાણ સારૂ

૩. અધિક મુખ્ય સચિવશ્રી,મહેસુલ વિભાગ,નવા સચિવાલય,ગાંધીનગર તરફ જાણ સારૂ

૪. અધિક નિયામકશ્રી તબીબી શિક્ષણ/તબીબી સેવાઓ,ડો.જીવરાજ મહેતા ભવન ગાંધીનગર

૫. ચેરમેનશ્રી,કોર કમિટિ,એડમીશન કમિટિ ફોર પ્રોફેશનલ અંડર ગ્રેજ્યુએટ,/પોસ્ટ ગ્રેજ્યુએટ મેડીકલ એજ્યુકેશન કોર્સીસ, GMERS મેડીકલ કોલેજ,સેકટર-૧૨ ગાંધીનગર

નકલ રવાના::-

૧. સમિતિના તમામ સભ્યોશ્રીઓ તરફ જાણ વ અમલ કરવા સારૂ

૨. તમામ પ્રાન્ત અધિકારીશ્રીઓ તરફ જાણ સારૂ

3 તમામ મામલતદારશ્રીઓ તરફ જાણ વ અમલ સારૂ

Scanned by CamScanner